<table>
<tr><td>ઈન્કવા. દાખલ કર્યા તારીખ</td><td colspan="3">૧૮/૧૧/૨૦૨૨</td></tr>
<tr><td>ઈન્કવા. રજિ. કર્યા તારીખ</td><td colspan="3">૧૮/૧૧/૨૦૨૨</td></tr>
<tr><td>ઈન્કવા. ફેંસલ કર્યા તારીખ</td><td colspan="3">૦૯/૦૮/૨૦૨૩</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૮</td><td>૨૨</td></tr>
<tr><td>આંક</td><td colspan="3"></td></tr>
</table>

**પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડિ.મેજિ.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**પડધરી, જી.રાજકોટ.**

**ફોજદારી ઈન્કવાયરી નંબર–૧૫/૨૦૨૨**

ફરિયાદી :– **કનુભાઈ પ્રભુદાસભાઈ ગઢવી,**

રહે. મુંજકા, તા.જી.રાજકોટ.

વિરૂદ્ઘ

આરોપી :– **શ્રી બજરંગ કંન્ટ્રકશનનાં પ્રોપરાઈટર**

**જગુભાઈ દેવાભાઈ આહીર,**

રહે. ન્યુ પરીમલ સોસાયટી, શેરી નં.૦૩, યુનીવર્સિટી રોડ, રાજકોટ.

**બાબત : ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ બાબતે.**

==============================================================

**ફરીયાદી તર્ફે : વિ.વ.શ્રી આર.એસ.જાડેજા.**
**આરોપીઓ તર્ફે : કોઇ નથી.**

==============================================================

**= // હુકમ // =**

1) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, – હાલના અરજદાર / ફરીયાદી એ હાલની ફરીયાદ દાખલ કરતા અમારા પુરગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ સદરહું કાનાં ફરીયાદીને વેરીફીકેશન માટે હાજર રહેવાનો હુકમ કરેલ અને ફરીયાદીનું વેરીફીકેશન લઈ સદરહું ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો અને ફરીયાદીનાં વધુ પુરવા માટેનો હુકમ કરેલ જે અનુસંધાને હાલની ફરીયાદ ક્રિમીનલ ઈન્કવાયરી નં.૧૫/૨૦૨૨ થી નોંધવામાં આવેલ.

2) (૨.૦) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ હાલનાં કામના આરોપીએ આપેલ ચેક પરત ફર્યા અંગે કરેલ છે. સદરહું ચેક તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ "Exceeds arrangement" **તથા** "Drawer's singnature illegible differ / require" ના શેરા સાથે પરત ફરેલ જેથી અમારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ સદરહું શેરાથી બેંકે ચેક પરત કરેલ હોય તો તે સદરહું ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ પ્રથમદર્શનીય ગુન્હો બને છે કે કેમ? તે અંગે પ્રાથમિક ઈન્કવાયરી ઉપર રાખેલ જે અનુસંધાને ફરીયાદીના વિ.વ.શ્રી એ અત્રેની કોર્ટમાં હાજર થઈ મૌખિક દલીલ કરતા જણાવે છે કે, હાલના કામના આરોપીએ પોતે નિભાવતા બેંક ખાતાનો સહી કરીને ચેક આપેલ તેથી સદરહું ચેક જમા થયેલ પરત ફરેલ હોય તે ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮

મુજબનો ગુન્હો બને છે, તે અંગે પોતાની દલીલનાં સમર્થનમાં Ceasefire Industries Ltd Vs. State & Ors 2017 (2) MadWN (Cri) 71 નો ચુકાદો રજુ કરી વિષેશમાં દલીલ કરતા જણાવેલ છે કે, ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ વાંચતા પણ સદરહું ચેક જે કારણથી પરત કરેલ છે. તેથી તે પ્રથમદર્શનીય ગુન્હો બને છે અને હાલના કેસમાં આરોપી સામે સમન્સ કરવા રજુઆત કરેલ છે.

૩) હાલની ફરીયાદ ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ દાખલ કરેલ છે. ત્યારે સદરહું ઈન્વાયારી લગત સૌપ્રથમ કાયદાકીય પરિસ્થિતિ જોવામાં આવે તો સદરહું કલમ અંગે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**138 - Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** - Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of <u>that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank,</u> such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended

to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.— For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.

ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તથા હાલના કેસનાં સંજોગો જોઈએ તો, હાલનો તકરારી ચેક તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ "Exceeds arrangement” **તથા** "Drawer's singnature illegible differ / require” ના શેરા સાથે પરત ફરેલ જે અનુસંધાને જ્યારે ચેક ઈન્સ્યુફીસીયન્ટ ફંડસ કે એકસીડ એરેન્જમેન્ટના કારણે પરત ફરે તો સદરહું ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો

ગુન્હો પ્રથમદર્શનીય રીતે બને છે તેવી કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, સદરહું કામે હાલનાં ચેકમાં ચેક લખી આપનારની સહી બેંક સાથેની સહી સાથે મળતી આવતી ન હોય હાલનો ચેક પરત ફરેલ છે. જે અંગે નામદાર સુપ્રિમ કોર્ટે **M/s. Laxmi Deyechem Vs. State of Gujarat, 2012(13) SCC-375** નાં ચુકાદામાં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

Held that dishonour of cheque on the ground of non-resemblance of signature will also attracte offence u/s 138 N.I.Act. subject to rebuttal evidence of deffence against presumption u/s. 139 N.I.Act. It was held that reasons for dishonour like “As account close”, “Payment stop”, Reffer to drawer”, “Signature do not match” or “Image is not found” are only the genus of this species “either because of the amount of the money tending to the credit of that account is insufficient to honour the cheque”.

આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ અને નામદાર સર્વોચ અદાલતનો ચુકાદો ધ્યાને લેતાં હાલનો તકરારી ચેક તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ "Exceeds arrangement” **તથા** "Drawer's singnature illegible differ / require” ના શેરા સાથે પરત ફરેલ જે કારણો તથા ફરીયાદીની ફરીયાદ, સોગંદનામું તેમજ ફરીયાદીએ રજુ કરેલ આધારોને ધ્યાને લેતાં આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય હાલની ફોજદારી ઈન્કવાયરી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>=: આ ખ રી હુ ક મ :=</u>**

1. હાલની ફરિયાદને ફોજદારી કેસ રજિસ્ટરે નોંધવાનો હુકમ કરી હાલની ફોજદારી ઈન્કવાયરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

2. હાલના કામના આરોપી વિરૂદ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ મુજબ ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના સબબની ઈન્સાફી કાર્યવાહીના હેતુથી ધોરણસરનો તા.૧૨/૦૬/૨૦૨૩ સમન્સ કાઢવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ **૦૯મી માહે–ઓગસ્ટ, સને–૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૮/૨૦૨૩**
**પડધરી**

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**પ્રિન્સિપાલ સિવિલ જજ અને**
**જયુડીશ્યલ મેજી. ફ.ક.**
**પડધરી, જી.રાજકોટ**
**Unique ID GJ**–01609